

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-26 ■ તા. 21-06-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# વડાપ્રધાને લોન્ચ કર્યું 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન'




ન્યુ દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ગરીબ કલ્યાણ રોજગાર અભિયાનની શરૂઆત કરી. આ યોજના ઉત્તપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,રાજસ્થાન,ઝારખંડ અને ઓડિશા સહિત છ રાજ્યોના ૧૧૬ જિલ્લામાં ચાલશે. આ યોજનાને દેશના એ રાજયોના એ જિલ્લાઓમાં ચલાવાશે જયાં, પ્રવાસી મજૂરોની સંખ્યા ૨૫ હજારથી વધુ છે. આ યોજના મુજબ મજૂરોને ૧૨૫ દિવસનુ કામ મળશે. મજૂરોને રોજગાર આપવા માટે ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

વર્ચુઅલ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે ગ્રામીણ વિકાસ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત, મધ્યપ્રદેસના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને ઝારખંડના સીએમ હેમંત સોરેન સાથે ઓડિસાના સીએમ નવીન પટનાયકના પ્રતિનિધ પ્રતાપ જૈના હાજર રહ્યા હતા.

પીએમ મોદીએ લદ્દાખમાં શહીદ થયેલ જવાનોને યાદ કરતા કહ્યું કે,''લદ્દાખમાં આપણા વીરોએ જે બલિદાન આપ્યું છે, આજે જ્યારે હું બિહારના લોકો સાથે વાત કરું છું ત્યારે હું એમ કહેવા માંગુ છું કે આ બહાદુરી બિહાર રેજિમેન્ટની છે. દરેક બિહારીને આનો ગર્વ થવો જોઈએ. જેમણે બલિદાન આપ્યું છે તેમને હું શ્રદ્ધાંજલિ આપું છું. હું તેમના પરિવારને ખાતરી આપવા માંગું છું કે આ દેશ તમારી સાથે છે. દેશ સૈન્યની સાથે છે.'

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસી મજૂરો સાથે પણ વીડિયો કોન્ફર્ન્સિંગના માધ્યમથી વાતચીત કરી. જયાં તેમણે તેવા પ્રવાસી મજૂર જે પાછા કામ પર બીજા રાજ્યોમાં જવા નથી માંગતા તેમને ગરીબ રોજગાર ગેરંટી યોજના હેઠળ મધમાખી પાલન જેવા રોજગાર માટે સૂચન કર્યું. અંતમાં પીએમ કહ્યું કે આ તમામ પ્રવાસી મજૂરો જોડે વાત કરીને રાહત અને સંતોષ મળ્યો છે. કોરોના મહામારી દરમિયાન જે જયાં હતો ત્યાં મદદ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

અમે પોતાના શ્રમિક ભાઈ-બહેનો માટે સ્પેશ્યલ ટ્રેનો ચલાવી છે. સાથે જ પીએમ કહ્યું કે કોરોના એટલો મોટો સંકટ છે કે આખી દુનિયા તેની સામે હલી ગઈ છે. પણ પ્રવાસી મજૂરો અને ગામના લોકોએ કોરોનાનો જે મક્કમતાથી મુલાબલો કર્યો છે તેણે શહેરોને ઘણું શીખવ્યું છે.

વધુમાં પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. કારણ કે આજે ગરીબ કલ્યાણ માટે તેમના રોજગાર માટે મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હવે જે શ્રમિક પરિવારો પોતાના ગામે પરત ફર્યા છે તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે આ યોજના મદદરૂપ થશે. આ અભિયાનથી શ્રમિકો અને કારીગરોને પોતાના ઘરની પાસે જ કામ આપવામાં આવશે. જે લોકો હાલ મહેનતથી શહેરોને આગળ વધાર્યા હતા તે હવે પોતાના ગામ અને વિસ્તારને આગળ વધારવામાં મદદરૂપ થશે.

**મજૂરોને રોજગાર આપવા માટે ૫૦ હજાર કરોડનો ખર્ચ કરાશે,અભિયાન ૧૨૫ દિવસનું હશે, જેને ૧૧૬ જિલ્લામાં ચલાવાશે, આનાથી ૨૫ હજારથી વધારે પ્રવાસી કામગારોને ફાયદો મળશે,વડાપ્રધાને લદ્દાખમાં શહિદ થયેલા જવાનોને યાદ કર્યા**

## વડાપ્રધાને ગામડાની મહિલાને પૂછ્યુ, મારા માટે કોઈ ફરિયાદ છે તમને?

પીએમ મોદીએ સીતા નામની ગામડાની એક મહિલાને પૂછ્યુ હતુ કે, તમે કેટલુ ભણેલા છો.ત્યારે મહિલાએ કહ્યુ હતુ કે, હું ઈન્ટર સુધી ભણેલી છું.ઉલ્લેખનીય છે કે, આ મહિલા લોકડાઉનમાં દિલ્હીથી પોતાના પરિવાર સાથે પાછી ફરી હતી.

જેને લઈને પીએમ મોદીએ તેને પૂછ્યુ હતુ કે, માર માટે તમને કોઈ ફરિયાદ છે. પીએમના પૂછવા પર સીતાએ કહ્યુ હતુ કે, હું મધમાખીઓ પાળવાના વ્યવસાય માટે વિચારી રહ્યુ છે.

સાથે વડાપ્રધાને શ્રમિકોને કહ્યું કે સરકારનો પૂરો પ્રયાસ રહેશે કે કોરોના મહામારીના આ સમયમાં તમારે ગામમાં રહેતા કોઈ લોકોથી દેવું ના લેવું પડે.

કોઈની આગળ હાથ ન ફેલાવવા પડે. અને ગરીબોના સ્વાભિમાનને સમજીએ છીએ. તેમણે કહ્યું તે તમે શ્રમેવ જયતે એટલે કે શ્રમની પૂજા કરનાર લોકો છો. તમે કામ અને રોજગાર જોઈએ છે તો તમને મળશે.

આગળ વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'ભારત ગામડાઓથી બનેલો દેશ છે ત્યારે બે તૃત્યાંશથી વધારે એટલે કે આશરે ૮૦ કરોડ જનતા ગામડાઓમાં રહે છે ત્યારે આ સંખ્યા યુરોપના બધા દેશોની વસ્તીને ભેગી કરો તો તેનાથી પણ વધારે છે છતાં ભારતે કોરોના વાયરસને અસરકારક રીતે રોક્યો છે. ગ્રાઉન્ડ પર કામ કરતા લોકો જેમાં સરપંચ, આંગણવાડી વર્કર અને આશા વર્કર છે તે બધાએ ઉત્તમ કામગીરી કરી છે.

# દિલ્હીમાં હોમ ક્વોરેન્ટાઈન પર પ્રતિબંધ, કોરોના પોઝિટિવને આઈસોલેશન વોર્ડમાં જવું પડશે

### કેન્દ્ર પાંચ દિવસના ફરજિયાત સંસ્થાગત ક્વોરેન્ટાઈનના નિર્ણય અંગે ફેરવિચારણા કરેઃ દિલ્હી સરકાર




ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીના ઉપ રાજયપાલ અનિલ બૈજલે તમામ કોરોના પોઝિટિવ દર્દીઓને પાંચ દિવસ ફરજિયાત સરકારી ક્વોરેન્ટાઈનમાં રહેવું પડશે તેવો આદેશ જાહેર કર્યો છે.

નવા આદેશ પ્રમાણે હવે જો કોઈ પણ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવશે તો તેને પાંચ દિવસ માટેના ફરજિયાત સંસ્થાગત ક્વોરેન્ટાઈનમાં મોકલી દેવામાં આવશે. મતલબ કે જો કોઈ દર્દીમાં કોરોનાના લક્ષણો નહીં જણાય તો પણ તેણે સંસ્થાગત ક્વોરેન્ટાઈનમાં જ રહેવું પડશે.

અગાઉ જ્યારે કોઈ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતો પરંતુ તેનામાં કોરોનાના કોઈ લક્ષણો ન નોંધાતા તો તેને હોમ આઈસોલેશનમાં મોકલી દેવામાં આવતી પરંતુ હવે તેવું નહીં બને. દરરોજના આંકડા જોતા દિલ્હીમાં કોરોના સંક્રમણની ગતિ વધી હોવાનું જણાય છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩,૧૩૭ કેસની પૃષ્ટિ થઈ છે. આ સાથે જ દિલ્હીમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૫૩,૧૧૬ના આંકડાને પાર કરી ગઈ છે. જોકે દિલ્હીમાં કોરોનાના દર્દીઓ સતત સાજા થઈ રહ્યા છે તે એક સારી વાત પણ છે અને અત્યાર સુધીમાં ૨૩,૫૬૯ દર્દીઓ સ્વસ્થ થયા છે.

દિલ્હીમાં હાલ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૭,૫૧૨ છે અને ૧૦,૪૯૦ લોકો હોમ ક્વોરેન્ટાઈનમાં છે.

આ સંજોગોમાં ઉપ રાજયપાલના આદેશ બાદ હોમ ક્વોરેન્ટાઈનમાં રહેતા ૧૦,૪૯૦ લોકોનું શું થશે તે એક સવાલ છે. શું તેમને હાલ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવશે કે પછી આદેશાનુસાર ફરજિયાત સંસ્થાગત ક્વોરેન્ટાઈનમાં મોકલી દેવાશે? શું દિલ્હી સરકાર પાસે એટલી જગ્યા છેકે તે આ લોકોને સરકારી ક્વોરેન્ટાઈનમાં રાખી શકે?

# પાકિસ્તાનનું કાવતરુ નિષ્ફળઃ બીએસએફએ હથિયારોથી સજ્જ ડ્રોન તોડી પાડ્યું



શ્રીનગર,તા.૨૦

જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આંતરાષ્ટ્રીય સરહદ નજીક ભારતીય વિસ્તારની અંદર ઉડી રહેલું પાકિસ્તાનના જાસૂસી ડ્રોનને બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)એ તોડી પાડ્યું છે. શનિવારે સવારે પાક.નું જાસૂસી ડ્રોન ભારતની હદમાં ૨૫૦ મીટર અંદર ઉડતું હોવાનું જણાતા બીએસએફએ તેને તોડી પાડ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ પાકિસ્તાનના તોડી પડાયેલા ડ્રોનનો ઉપયોગ હથિયારો મોકલવા પણ થતો હતો. ડ્રોન સાથે એક રાઈફલ તેમજ ગ્રેનેડ પણ મળ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. જમ્મુ ક્ષેત્રમાં આ સૌપ્રથમ ઘટના છે કે જેમાં જાસૂસી ડ્રોન વડા હથિયારો અને વિસ્ફોટકો લઈ જવામાં આવતા હોય.

અધિકારીના જણાવ્યા મુજબ આંતરાષ્ટ્રીય બોર્ડર નજીક બીએસએફ પાર્ટી પેટ્રોલિંગ પર હતી ત્યારે રઠુઆ ગામ પાસેની પાનસર બોર્ડર આઉટ પોસ્ટ નજીક સવારે ૫.૧૦ કલાકે ૮ટ૮ (બ્લેડ ટુ બ્લેડ)નું એક ડ્રોન હવામાં ઉડતું જોવા મળ્યું હતું.

બીએસએફના જવાનોએ નવ રાઉન્ડ ફાયરિંગ કરીને ભારતની હદમાં ૨૫૦ મીટર અંદર ડ્રોનને તોડી પાડ્યું હતું.

ડ્રોનમાં રાઈફલ, બે મેગ્ઝીન, ૬૦ રાઉન્ડ અને સાત ગ્રેનેડ જેટલા હથિયારો અને વિસ્ફોટકો લોડ કરાયેલા હતા. આ ડ્રોન પાકિસ્તાનના એજન્ટને મોકલવામાં આવ્યું હોવાની આશંકા છે. ડ્રોન અલિ ભાઈ નામના શખ્સને મોકલાયું હોવાની આશંકા છે કારણ કે તેના પર આ નામ લખ્યું હતું. સૂત્રોના મતે પાનસર બોર્ડર આઉટ પોસ્ટની સામે જ સરહદને પાર આવેલી ફોર્વર્ડ પોસ્ટ પરથી પાકિસ્તાની રેન્જર્સ આ ડ્રોનનું સંચાલન કરી રહ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ સવારે ૮.૫૦ કલાકે પાકિસ્તાની રેન્જર્સે હિરાનગર સેક્ટરમાં બાબિયા પોસ્ટ પર કેટલાક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. જો કે આંતરાષ્ટ્રીય સરહદની સુરક્ષા કરી રહેલા બીએસેફ દ્વારા વળતો કોઈ જવાબ અપાયો નહતો. આ સમગ્ર ઘટના પર જવાનો અને અધિકારીઓ ચાંપતી નજર રાખી રહ્યા છે.

### ચીન અમારી સરકારને નબળી પાડવા માટે સાઈબર કેમ્પેઈન દ્વારા ખોટો પ્રચાર કરે છે

# ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી તેના પાડોશીઓ પ્રત્યે દુષ્ટ વલણ દર્શાવે છેઃ અમેરિકા



ન્યૂયોર્ક,તા.૨૦

અમેરિકાએ ચીન પર ફરી નિશાન સાધ્યુ છે. વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કહ્યું છે, ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીએ માત્ર પડોશમાં જ ખરાબ વલણ અપનાવ્યું છે એવું નથી, પરંતુ અમેરિકા અને યુરોપમાં પણ ખોટા ઈરાદાથી સાઈબર કેમ્પેઈનિંગ કરી રહી છે. તેમણે કહ્યું કે, ચીન દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારત દેશ સાથે સીમા પર તણાવ વધારવાનો પ્રયત્ન કરી રહી છે. દક્ષિણ ચીન સાગરમાં પણ તેઓ ખોટી રીતે તેમનો વિસ્તાર વધારી રહ્યા છે.પોમ્પિયોએ કહ્યું, ચીન કોરોના વાઈરસ વિશે ખોટું બોલ્યો અને પછી તેને દુનિયાના બાકીના હિસ્સામાં પણ ફેલાવી દીધો. તેમણે પોતાના કાવતરાને છુપાવા માટે વિશ્વ સ્વાસ્થય સંગઠન ઉપર પણ દબાણ કર્યું છે. ચીન અમેરિકા અને યુરોપ વચ્ચે સાઈબર કેમ્પેઈન દ્વારા ખોટો પ્રચાર કરી રહ્યા છે, જેથી અહીંની સરકારોને નબળી બનાવી શકાય જ્યારે વિકાસશીલ દેશોને પોતાના દેવા અને નિર્ભરતાના દબાણમાં દબાવી દેવાય છે. પોમ્પિયોએ કોપનહેગન ડેમોક્રેસી સમિટ ૨૦૨૦માં યુરોપ અને ચીનના પડકાર વિષય પર વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, પશ્ચિમી દેશોને વર્ષો સુધી આશા રહી કે તેઓ ચીનની કોમ્યુનિસ્ટ વિચારધારમાં પરિવર્તન લાવી શકે અને ત્યાંના લોકોના જીવનમાં સુધારો આવી શકે, પરંતુ ચીનની સરકાર હંમેશા અમારી નમ્રતનાનો ગેરફાયદો ઉઠાવતી રહી.

### કોરોનાના કેસ ૪ લાખની નજીક,મૃત્યુઆંક ૧૩૦૦૦એ પહોંચવાની તૈયારીમાં

# ભારતમાં વકરતો કોરોનાઃ ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૪૫૧૬ કેસ,૩૭૫ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૦

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય તરથી જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૧૬ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૩૭૫ લોકોના મૃત્યું થયા છે. આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૩,૯૫,૦૪૮ થઇ ગઇ છે, જેમાં, ૧,૬૮,૨૬૯ સક્રિય મામલા છે. જેમાંથી ૨,૧૩,૮૩૧ લોકો ઠીક થઇ ગયા છે અથવા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે, જ્યારે અત્યાર સુધીમાં ૧૨,૯૪૮ લોકોના મૃત્યું થયા છે.ભારતમાં શનિવારે એક જ દિવસમાં કોરોના વાયરસ મહામારીના રેકોર્ડબલ ૧૪,૫૧૬ કેસ નોંધાયા છે. આ વચ્ચે સકારાત્મક સમાચાર એ છે કે સ્વસ્થ થઇ ગયેલા લોકોનો આંકડો ૨,૦૦,૦૦ને પાર પહોંચી ગયો છે. હવે ૨,૧૩,૮૩૦ લોકો આ સંક્રમણથી બહાર નીકળી ગયા છે જયારે ૧,૬૮,૨૬૯ એક્ટિવ કેસ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં ૫૪.૧ ટકા દર્દી સંક્રમણથી બહાર આવી ગયા છે. એક જ દિવસમાં ૧૪,૫૧૬ નવા કેસ સામે આવાથી દેશમાં કુલ કેસોની સંખ્યા ૩,૯૫,૦૪૮ થઇ ગઇ છે. જ્યારે મૃતકોની સંખ્યા ૧૨,૯૪૮ છે, જ્યારે ૩૭૫ લોકોના એક જ દિવસમાં મૃત્યું થયા છે. આ મહીનામાં અત્યાર સુધીમાં ૨,૦૪,૫૧૩ કેસ થયા છે.

કોરોનાના વધતા કેસ પર નજર નાંખીએ તો સૌથી વધારે ૩ રાજ્ય પર સંકટ વધેલું જોવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશના માત્ર ૩ રાજયોમાંથી અંદાજે ૧૦,૦૦૦ જેટલા કેસ સામે આવ્યા છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં કોરોનાના ૯૦૭૦ કેસ સામે આવ્યાં છે.જ્યારે દેશના અન્ય ૩૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મળીને ૫૪૩૭ કેસ સામે આવ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાંથી ૩૧૩૭ નવા કેસ, મહારાષ્ટ્રમાંથી ૩૮૨૭ અને તામિલનાડુમાંથી ૨૧૧૫ નવા કેસ સામે આવ્યાં છે.મહારાષ્ટ્રમાં પણ કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે મુંબઈ પોલીસે બીએમસીથી ૫ જગ્યા પર સંપૂર્ણ રીતે લૉકડાઉનની માંગણી કરી છે. મુંબઈ પોલીસે કોરોનાના વધતા કેસને જોતાં બીએમસીથી સમતા નગર, કુરારના અપ્પાપાડા, કુરાર ગામ, મડ વિસ્તાર અને મલાડાના કેટલાક વિસ્તારોને સંપૂર્ણ લૉકડાઉન કરવાની માગ કરી છે.

### ગલવાન ઘાટીના બહાદુરોના બલિદાન નિરર્થક નહીં જાયઃ વાયુસેના વડા

# અમે કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમઃ વાયુસેનાની ચીનને ખુલ્લી ચેતવણી



હૈદરાબાદ,તા.૨૦

લદ્દાખમાં એલએસી પર હિંસક ઝડપને લઇ ભારતીય વાયુસેનાનાં અધ્યક્ષ એર ચીફ માર્શલ આરકેએસ ભદોરિયા આજે હૈદરાબાદ ખાતે સંયુક્ત સ્નાતક પરેડમાં સામેલ થયા છે. જ્યાં તેઓએ ચીન પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, હાલમાં એલએસી પરની સ્થિતિનો શાંતિથી ઉકેલ લાવવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તેમ છતાં કોઇ પણ આફત આવી પડે તો ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવા માટે વાયુસેના સક્ષમ અને તૈયાર છે.

લદ્દાખમાં એલએસી પર હિંસક ઝડપને લઇને ચીન સાથેનાં તણાવ વચ્ચે વાયુસેનાનાં પ્રમુખ એર ચીફ માર્શ આરકેએસ ભદોરિયા એકેડમી ફોર કમ્પાઇનડ ગ્રેજ્યુએશન પરેડ માટે હૈદરાબાદ પહોંચ્યાં. વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલે પાસિંગ આઉટ પરેડ દરમ્યાન વાયુસેનાનાં જવાનોને સંબોધિત કર્યાં.

જવાનોને સંબોધત કરતા એર ચીફ માર્શલે જણાવ્યું કે, એટલું સ્પષ્ટ હોવું જોઇએ કે આપણે કોઇ પણ સમયે કોઇ પણ પરિસ્થિતિનો જવાબ આપવા માટે સારી રીતે તૈયાર અને તૈનાત છીએ. હું દેશને વિશ્વાસ અપાવું છે કે આપણે કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે દ્રઢ છીએ અને ગલવાન ઘાટીનાં બહાદુર જવાનોનું બલિદાન ક્યારેય વ્યર્થ નહીં જવા દઇએ.

મીડિયા બ્રીફિંગમાં વાયુસેનાનાં ચીફે કહ્યું કે, ચીન સાથે અમારું યુદ્ધ નથી ચાલી રહ્યું પરંતુ અમે તૈયાર છીએ. વાતચીત ચાલી રહી છે અને અમે સંપૂર્ણ તૈયાર છીએ. ચીને સૈનિકોની તૈનાતી વધારી છે અને અમે તેની પર સતત નજર રાખી રહ્યાં છીએ. જો જરૂરી હશે તો ઉડાન પણ ભરીશું.

સેના આ મામલે ખૂબ સારી સંભાળ રાખી રહી છે. અમે તૈનાતીને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરી રહ્યાં છીએ. અમને કોઈ શંકા નથી કે આપણે કોઈ પણ આકસ્મિકતાને સંભાળીશું. અમે પરિસ્થિતિથી વાકેફ છીએ અને અમે જરૂરી કાર્યવાહી કરી છે.

લેહમાં વાયુસેના સંપૂર્ણ સજ્જ અને તૈનાત છે.

એર ચીફ માર્શલ રાકેશકુમાર સિંહ ભદૌરિયાએ પાસિંગ આઉટ પરેડના રિવ્યૂ મેળવ્યાં હતા. મેરિટ લિસ્ટમાં પહેલું સ્થાન મેળવનાર કૈન્ડેટને સ્વૉર્ડ ઓફ ઓનર અને રાષ્ટ્રપતિની પટ્ટીકાથી સન્માનિત કરાયા હતા.

# આજે સૂર્યગ્રહણઃ ૩૮ વર્ષ બાદ આકાશમાં જોવા મળશે અદભૂત નઝારો

અમદાવાદ,તા.૨૦

આવતીકાલ તા.૨૧મીના રવિવારે સવારે ૧૦ વાગ્યાથી આકાશમાં કંકણાકૃતિ ખંડગ્રાસ ગ્રહણનો અદભૂત નઝારો જોવા મળશે. કાલે કંકણાકૃતિ સૂર્યગ્રહણનો પ્રારંભ સવારે ૧૦:૦૩ વાગ્યાથી થશે. ગ્રહણ મધ્યમાં બપોરે ૧૧:૪૨ કલાકે આવશે તથા બપોરે ૧:૩૩ કલાકે ગ્રહણ મોક્ષ થશે. ૧૧:૪૨ કલાકે સૂર્યનો ૭૫ ટકા ભાગ ઢંકાઈ જશે. ત્યારબાદ ક્રમશઃ મૂળ સ્થિતિ પ્રાપ્ત કરશે. દુનિયાભરનાં લોકોમાં અવકાશી ઘટના નિહાળવાની જબરી ઉત્કંઠા છે. કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું



હોવાથી ધાર્મિક ટ્રસ્ટીએ પાળવાનું રહે છે. આજે રાત્રે ૧૦:૧૪ વાગ્યાથી રવિવારના બપોરે ગ્રહણ પૂર્ણ થાય ત્યાં સુધી સુતક રહેશે. ૨૦૨૦ બાદ ૨૧૩૯માં ૩૦ દિવસમાં ત્રણ ગ્રહણનો યોગ બનશે. રવિવારે સવારે વર્ષનું પહેલું અને છેલ્લુ સૂર્યગ્રહણ થશે. જે ભારતમાં જોવા મળશે. સવારે ૧૦:૧૪ વાગ્યાથી સૂર્યગ્રહણ શરૂ થશે. તેનું સૂતક શનિવારે રાતે ૧૦:૧૪ વાગ્યાથી શરૂ થશે. સૂતક સમયે પૂજા પાઠ કરવા જોઈએ નહી.

જયોતિષાચાર્ય પ્રમાણે ગ્રહણ સવારે ૧૦:૧૪ વાગ્ગાથી બપોરે ૧:૩૮ વાગ્યા સુધી રહેશે. ગ્રહણનું સૂતક ૧૨ કલાક પહેલા શરૂ થઈ જાય છે અને ગ્રહણ પૂર્ણ થયા સુધી રહેશે.

ગ્રહણ પૂર્ણ થયા બાદ પૂજા-પાઠ કરી શકાશે. આ પહેલા ૫ જૂને ચંદ્રગ્રહણ થયું હતું. ૨૧ જૂને સૂર્યગ્રહણ છે અને ૫ જુલાઈએ ફરીથી ચંદ્રગ્રહણ થશે. ૫ જૂન અને ૫ જુલાઈના ચંદ્રગ્રહણનું ધાર્મિક મહત્વ નથી. કેમ કે આ મંદગ્રહણ છે. આ ગ્રહણમાં ચંદ્રની આગળ માત્ર ધૂળ જેવો પડછાયો આવી જાય છે. આ પ્રકારે ૩૦ દિવસમાં ત્રણ ગ્રહણનો દુર્લભ યોગ હવે ૧૧૯ વર્ષ બાદ બનશે.

વર્ષ ૨૧૩૯માં ૧૧-૧૨ જુલાઈની રાતે ચંદ્રગ્રહણ, ૨૫-૨૬ જુલાઈએ સૂર્યગ્રહણ અને ત્યારબાદ ૯-૧૦ ઓગષ્ટે ચંદ્રગ્રહણ થશે. તે સમયે પણ આ ચંદ્રગ્રહણનું ધાર્મિક મહત્વ રહેશે નહી. ૨૦૨૦ પહેલા શનિના મકર રાશિમાં વક્રી રહીને આવા ત્રણ ગ્રહણ ૧૯૬૨માં થયા હતાં. ૫૮ વર્ષ પહેલા ૧૭ જુલાઈએ ચંદ્રગ્રહણ અને ૧૫-૧૬ ઓગષ્ટે મધ્ય રાત્રીએ ચંદ્રગ્રહણ થયું હતું. તે વર્ષમાં પણ ચંદ્રગ્રહણની ધાર્મિક માન્યતા હતી નહી. ૧૯૬૨માં ભારત-ચીન વચ્ચે યુધ્ધ થયું હતું. થોડા દિવસો બાદ ૧ સપ્ટેમ્બર ૧૯૬૨એ ઈરાનમાં ભારે ભૂકંપ આવી ગયો હતો.

૨૦૨૦માં પણ આવુ જ ગ્રહણ થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી દેશના વિવિધ ભાગમાં સતત ભૂકંપના ઝટકા આવી રહ્યા છે અને હજુ પણ તેનો ખતરો સંભવ છે.

આ ગ્રહણ ભારત સિવાય એશિયા, આફ્રિકા અને યૂરોપનાં થોડા ક્ષેત્રમાં જોવા મળશે. દરેક જગ્યાએ ગ્રહણનો સમય અલગ-અલગ રહેશે.

## તંત્રી લેખ

### ભારતની કૂટનીતિઃ ચીનને વૈશ્વિક બદનામી મળી કે જિનપિંગને ફટકો.....?

*વિશ્વના મોટાભાગના દેશો કોરોનાનો સામનો કરી રહ્યા છે જેમાં ભારત પણ બાકાત નથી. પરંતુ કોરોના ફેલાવવા અંગે જેના ઉપર દોષારોપણ છે કે આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે તે શિયાળ ચાલતું ચીન આજે પણ પોતાની વિસ્તારવાદી નીતિ અનુસાર પડોશી દેશોમાં ઘુસવા માટેના પ્રયત્નો યથાવત રાખ્યા છે. ભારત વિશ્વમાં શાંતિ પ્રિય દેશ તરીકેની નામના ધરાવે છે અને આજે પણ વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને જાળવી રાખી શાંતિ જાળવવાને મહત્ત્વ આપી રહ્યું છે. ત્યારે ×હાથીના ચાવવાના અને બતાવવાના દાંત જુદા× ની જેમ ચીન તેની ચાલી ચાલી રહ્યું છે. ચીને ઈટાલીમાં પોતાનું વર્ચસ્વ વધારવા ૩૦૦ ઉપરાંત મોટી ઈન્ડસ્ટ્રીઝો ખરીદી લીધી અને તેના ઉત્પાદનો વિશ્વના અનેક દેશોમાં સપ્લાય કરવાનું યથાવત રાખ્યું છે. અત્યારના સમયમાં ચીન ભારતને ચારેબાજુથી ઘેરી તમામ પ્રકારના દાવ અજમાવી રહ્યું છે. ભારતના પડોશી રાજ્યો પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ,મ્યાનમાર, શ્રીલંકા સહિતના ભારતના પડોશી દેશોમાં પગ પેસારો કરી દીધો છે. જેમાં બાંગ્લાદેશ,શ્રીલંકા,માલદીવ,મ્યાનમાર વગેરે દેશોમા વિકાસ કામો અને ઈન્ફાસ્ટ્રક્ચરના બહાને મોટાપાયે પગપેસારો કરી દીધો છે. તો નેપાળમાં પોતાને ગમતી સરકાર બેસાડી દીધી છે. અહીં તેને રાજકીય દખલગીરી ઉભી કરાવી દીધી છે. તો પાકિસ્તાનને મોટા પ્રમાણમાં કરજ આપી ગરજવાન બનાવી દીધું છે. ડોકલામ જેવા ભારતના વિસ્તારો પાકિસ્તાને ચીનને ચરણે ધરી દીધા છે. જ્યારે મ્યાનમારમાં પગપેસારો કર્યોછે.... પરંતુ તે નહિવત છે....! ચીન બ્રિટનની જેમ વેપારી ચાલી ચાલી સત્તા તરફ દોડવાના ખેલ ખેલી રહ્યું છે... જેમાં મ્યાનમારમાં એક શહેરના સરહદી વિસ્તારમાં પગપેસારો કર્યોછે, તો હાઈસ્કુલ,હોસ્પિટલો ઉભી કરવા તથા ટ્રેનના પ્રોજેક્ટના નામે તેને કરજમાં ડુબાડી દીધું છે... તે સાથે બંદર બનાવવાનું આયોજન શરૂ કરી દીધું છે અને વિવિધ પ્રોજેક્ટ હાથ ધરી રોહિગ્યા મુસ્લીમોની સત્તા ધરાવતા મ્યાનમારને સહયોગ આપીને તેની સત્તા દોરમાં ધાર્યું કરાવી શકે તેવી કુટનિતીમાં સફળ થવા જઈ રહ્યું" છે.....! ચીન વિશ્વભરમા દગાખોરી કરવા માટે અને વિસ્તારવાદી દેશ તરીકેની ખ્યાતિ ધરાવતો દેશ છે. મોટા ભાગના દેશો જરૂરી માલસામાન મંગાવી વ્યાપારી સંબંધો સાચવે છે... પરંતુ ચીન તેની કૂટનીતિ અજમાવી જે તે દેશની જરૂરત અને તકલીફો જાણીને અવનવી રીત અપનાવી લીધી ગતિએ ઘુસણખોરી શરૂ કરી દે છે... જે રીતે માલદીવમાં એરપોર્ટ બનાવવાનું શરૂ કર્યું અને તે દેશના ૧૬ જેટલા ટાપુઓના વિકાસ કરવાને બહાને લીઝ પર મેળવી લીધા... તેના કારણે બંગાળની ખાડી અને હિંદ મહાસાગર પર નજર રાખી રહ્યું છે. તો બાંગ્લાદેશ કે જે એક સમયે પાકિસ્તાન હતું અને ઈન્દિરા સરકારના સમયમાં પાકિસ્તાનના ઊભા ફાડીયા કરી નાખ્યા તેમાંનો એક ભાગ એટલે બાંગ્લાદેશ તેના એક બંદરના વિકાસ કામોને નામે કબજો કરી લીધો છે તેનું નામ પાયરા બંદર છે. અને આ રીતે ભારતને ઘેરવાના ખેલમાં સફળ રહ્યું છે.... બલુચિસ્તાનનું ગ્વાદર બંદર રૂપિયા દસ અબજ ડોલરનું પાકિસ્તાનને ફંડ આપી કબજે કરી લીધું છે કે જે ભારતની સરહદની નજીક છે. ભારતના ખાસ મિત્ર નેપાળમાં જે રીતે ચીન ઘુસી ગયું તે નોંધનીય છે. ચીને નેપાળમાં રોડ રસ્તા બાંધવાનું, હોસ્પિટલો ઊભી કરવાનું, કોલેજ ઊભી કરવા સહિતના કાર્યો શરૂ કરી દઈ ને ત્યાં આર્થિક મદદ કરવા સાથે રાજકીય દખલો શરૂ કરીને ભારત વિરુદ્ધ નેપાળને ભડકાવી દીધું અને રાજકીય રીતે નકશા જાહેર કરાવી ભારત સાથે ભીડાવી દીધું છે....! અને સરહદ પાસે ટ્રેન ટ્રેક બાંધવાના કાર્યો કરી ભારતની સરહદે દબાણ વધારી દીધુ છે. આ ખંધા ચીનને અત્યારના સમયે આકરા પાણીએ જવાબ આપવો કદાચ વિશ્વ માટે પણ દોજખ બની શકે છે......! એટલા માટે જ ભારત વાટાઘાટો દ્વારા પ્રશ્નો ઉકેલવા માટે પ્રયત્ન કરી રહ્યું છે. તો ચીને નવી ચાલ શરૂ કરી છે. ભારતની સરહદમાં એકાદ- બે કિલોમીટર ઘુસી આવીને આપણા જવાનો સાથે ઝઘડો કરી પથ્થરમારા સુધી પહોંચી જાય છે અને ભારતના જવાનો ફાયરિંગ કરે તેવા ઉશ્કેરવાના પ્રયત્નો કરે છે અને જો જો ભારતના જવાનો ફાયરીંગ કરે તો ભારતને બદનામ કરી શકાય.... પરંતુ ચીન ભારતની કૂટનીતિ સામે ખત્તા ખાઈ ગયું છે જે એક હકીકત છે. ભારતે પોતાના ૨૦ જવાનોની શહીદી આપીને પણ શાંતિ જાળવવા સાથે વસુધૈવ કુટુંબકમ્ ની ભાવનાનો સંદેશ વિશ્વને આપી દીધો છે. જે કારણે ચીનને બદનામી મળવા લાગી છે અને આ કારણે ચીનમા જીન શીંગ સામે લોક વિરોધ વધ્યો છે....જે જીવ શીંગ માટે પ્રમુખપદ ટકાવવામાં વધુ એક ફટકા સમાન છે........! વંદે માતરમ્*

## કોરોના સંક્રમણ છતાં ગુજરાતની વિકાસ યાત્રા રોકાશે નહીં કે ઝૂકશે પણ નહીંઃ રૂપાણી

# મુખ્યમંત્રી રૂપાણીએ ૪ બસ મથકો અને ૫ આરટીઓ કચેરીનું કર્યું ઈ-લોકાર્પણ

ગાંધીનગર,તા.૨૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં ૯ કરોડ ૮૦ લાખના ખર્ચે નવા બનેલા ૪ બસ મથકોનો ઈ-લોકાર્પણ તેમજ ૨૮ કરોડ ૧૫ લાખના ખર્ચે તૈયાર થયેલી ૫ આરટીઓ કચેરીઓના પણ લોકાર્પણ ગાંધીનગર મુખ્યમંત્રી નિવાસ સ્થાનેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કર્યા હતા. આજે લોકાર્પણ થયેલા બસ મથકોમાં ગાંધીનગરના માણસા બનાસકાંઠાના લાખણી છોટાઉદેપુરના સંખેડા અને તાપી જિલ્લાના કુકર મુંડાના બસ મથકો તેમજ જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, છોટાઉદેપુર અને આણંદની આરટીઓ કચેરીઓ અને એઆરટીઓ કચેરીઓનો સમાવેશ થાય છે. તેમણે આ અવસરે કહ્યું કે, કોરોના સંક્રમણ સામે પૂરતી તકેદારી સાથે આપણે હવે જીવન વ્યવહાર રાબેતા મુજબ થાય તે દિશામાં હવે આપણે વિકાસની રફતાર વેગવંતી બનાવી છે.કોરોનામાં ફિઝિકલ નહીં ડિજિટલ લોકાર્પણ કર્યા છે અને કોરોના સંક્રમણ છતાં ગુજરાતની વિકાસ યાત્રા રોકાશે નહીં કે ઝૂકશે પણ નહીં તેવી પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

વાહન વ્યવહાર મંત્રી આર.સી ફળદુ તેમજ રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ આ લોકાર્પણ સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીએ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ રાજ્યના લોકોની સેવામાં દિવસ રાત સતત સેવારત છે અને કુદરતી વિપદા પુર વાવાઝોડા કે કોરોના જેવી મહામારીમાં પણ પ્રજાજનોની સેવામાં ખડેપગે રહ્યું છે

તેની સરાહના કરી હતી. મુખ્યમંત્રીએ કોરોના મહામારીમાં પોતાની જાતને જોખમમાં મૂકીને પણ ગુજરાતમાંથી અન્ય રાજ્યોમાં શ્રમિકોને સલામત પહોંચાડવા અને અન્ય રાજ્યોમાં ફસાયેલા ગુજરાતના યાત્રિકોને પણ સહી સલામત ગુજરાત લાવવા માટે એસ ટી નિગમના કર્મયોગી પરિવારને અભિનંદન આપ્યા હતા.તેમણે કહ્યું કે, વાહન વ્યવહાર વિભાગમાં અદ્યતન ટેક્નોલોજીના વિનિયોગથી પારદર્શી અને ઝડપી સેવાઓ આપવામાં ગુજરાત દેશમાં અગ્રેસર બન્યું છે.


રાજ્યમાં જાહેર જનતાની સેવાઓ માટેના પ્રકલ્પો બસમથકો વગેરેના જેના ખાતમુહૂર્ત અમારા હાથે થાય તેના લોકાર્પણ પણ અમે જ કરીએ તેવી ઝડપી અને પારદર્શી કાર્ય સંસ્કૃતિ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સરકારે વિકસાવી છે.

## કપડવંજમાં બે દુકાનનો અને ગોડાઉનમાંથી ૧૦૦૦ કટ્ટાં અખાદ્ય ગોળનો જથ્થો ઝડપાયો

કપડવંજ,તા.૨૦

કપડવંજ શહેરની બે દુકાનો અને તેના ગોડાઉન માંથી અખાદ્ય ગોળનો જથ્થો મામલતદારની ટીમે ઝડપી પાડયો હતો. આ ટીમે એક હજાર અખાદ્ય ગોળનો જથ્થો પકડીને ગોડાઉનને સીલ કરવામાં આવ્યા હતા. કપડવંજ શહેરના મહેશ્વરી ટ્રેડર્સ અને ચામુંડા ટ્રેડર્સ દ્વારા અખાદ્ય ગોળ વેચવામાં આવેછે. તેવી અરજી કપડવંજ મામલતદાર કે.એમ. પરમારને મળી હતી આ અરજીના આધારે મામલતદાર કે એમ પરમારની સૂચનાથી તેમની ટીમ દ્વારા મહેશ્વર ટ્રેડર્સ દુકાન તથા ગોડાઉન (કપડવંજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ગોડાઉન ભાડે રાખેલ) માંથી ૪૯૦ કટ્ટા તેમજ ચામુંડા ટ્રેડર્સની દુકાનમાંથી ૨૨૩ કટ્ટા, અને ના ગોડાઉનમાંથી ૧૫૦ કટ્ટા મળીને કુલ ૧૦૨૩ અખાદ્ય ગોળના કટ્ટા નો જથ્થો ઝડપી પાડી સીલ કરાયો હતો.

## અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૬)
### વર્ષા જાની



સુશાંત.. ખરેખર સુશાંત થઈ ગયો ! કાયમને માટે શાંત.. જીવનના ઝંઝાવાતમાંથી બહાર ન નીકળી શકનારા જીવન ટૂંકાવીને ટૂંકો રસ્તો અપનાવી લે છે. પછી એ કરોડોની કમાણી કરનાર કરોડપતિ હોય કે પછી આર્થિક સંકડામણને વરેલો રોડપતિ ! સુશાંત સિંહ તો પ્રખ્યાત કલાકાર એટલે એની આત્મહત્યાના સમાચાર મીડિયા દ્વારા વાયુવેગે ફેલાઈ ગયાં, પણ સામાન્ય જીવન જીવનારા પણ જીવનથી હારીને, મૂંઝાઈને જાત પર પારાવાર અત્યાચાર કરીને જીવને શરીરમાંથી, દેહમાંથી ગૂંગળાવીને બહાર કાઢી નાંખે છે ! સામાન્ય વ્યક્તિ દેવામાં ડૂબી ગયો હોય, વિદ્યાર્થનું પરીક્ષાનું પરિણામ ઓછું આવ્યું હોય, કે અન્ય કોઈ કારણોસર જિંદગીથી, મુશ્કેલીથી પીછેહટ કરવાનો ઉપાય માત્ર ને માત્ર આત્મહત્યા જ? આવું કૃત્ય કરનારના એ જીવ પર શું વીતતી હશે? આ ક્રિયા કરવાનો વિચાર કરતાં, અને પછી એ ક્રિયાને અમલમાં મૂકતા.. કેવું કેવું હૃદયમંથન અનુભવાતું હશે! એ તો એ આત્મહત્યા કરનાર જ જાણે !

પણ, પ્રશ્ન એ ઉદ્દભવે કે આત્મહત્યા જ સમસ્યાનો અંતિમ ઉપાય માત્ર? ના, બિલકુલ નહીં જ. દરેક સમસ્યાનું સમાધાન હોય જ છે ને? જિંદગીમાં બેચાર મિત્રો, સખા તો એવા હોવાજ જોઈએ કે જેનાં ખભા પર માથું મૂકીને મોકળા મને રડી શકાય, અંતરની વાત જ્યાં ગમે ત્યારે ઠાલવી શકાય. અને એ મિત્ર પણ એવો ખુમારીવંત હોવો જોઈએ કે જીવનની આંટીઘૂંટીના અંધકારમાં અટવાયેલા મિત્રને જીવનની જ્યોત બતાવી શકે, સતત હૂંફ આપીને એને જીવવા માટેનું દિવેલ બનીને ઊભો રહે ! એનો ખરો માર્ગદર્શક બને ! આપણને નાનપણથી જ મિત્રની પરિભાષા પીવડાવવામાં આવેલી હોય જ છે ને !

મિત્ર એવો શોધવો જે ઢાલ સરિખો હોય,
સુખમાં પાછળ પડી રહે દુઃખમાં આગળ હોય

જેની પાસે ઢાલ જેમ રક્ષક મિત્ર હોય કે જ્યાં આપ ખૂલીને હળવાફૂલ થઈ, મનની મૂંઝવણ વહાવી શકે એ વ્યક્તિને જીવને ગૂંગળાવીને, તરફડીયા મારીને મરવાની કદાચ જરૂરત રહેતી નથી !શ્રીમદભગવદગીતામાં જીવની શરીર બદલવાની વાતને નવા વસ્ત્ર બદલવાની વાત સાથે સરખામણી કરી છે.

वासांसि जीर्णानि यथा विहाय
नवानि। गृह्णाति नरोपराणि।
तथा शरीराणि विहाय जीर्णा
न्यन्यानि संयाति नवानि देही ॥

જેમ માણસ જૂના વસ્ત્રો ત્યજીને બીજા નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેવી જ રીતે જીવ જૂના શરીરો ત્યાગીને બીજા નવાં શરીરો ધારણ કરે છે

પણ આત્મહત્યારા માટે તો તદ્દન જિદ્દી પણાની વાત સાર્થક લાગે. કોઈ અડિયલ જિદ્દી બાળક જેમ હઠાગ્રહ કરીને કોઈ વસ્તુ મેળવીને પાર કરે, એવી જ રીતે આત્મઘાતીને પણ પોતાનો જીવ બિચારો પરાણે એ દેહમાંથી ન છૂટકે કેટલીય ગૂંગળામણ સાથે પીડાતો પીડાતો વછૂટતો હશે !! એવું સાંભળવામાં આવ્યું છે કે આત્મહત્યા કરનારાને સાત જન્મારા સુધી એનું ફળ ભોગવવું પડે છે !

અમૂક એવી કપરી ક્ષણોને પાર કરી જનારો અવશ્ય આત્મહત્યા કરવામાંથી ઉગરી જાય જ છે ! માથે ભમતા મોત રુપી કાળચક્રને હડસેલો મારીને જે અડીખમ ઊભો રહી જાય એ પછી મોતને પણ મહાત કરનારો પરમવીર છે ! જિંદગીના જંગમાં જીત મેળવીને નવજીવન રુપી પરમવીરચક્ર પામનાર વીરલો છે.

વર્ષા જાની
ભાવનગર
૨૧ જૂન,, ૨૦૨૦

# યુનિવર્સિટીઓની પરીક્ષાઓ મોકૂફ રાખવાની માંગ સાથે હાઈકોર્ટમાં અરજી

અમદાવાદ,તા.૨૦

યુનિવર્સિટીઓની વિવિધ કોર્સની અંતિમ વર્ષ, સેમિસ્ટર, અને અન્ય ઈન્ટરમિડીયેટ સેમેસ્ટરની પરીક્ષાઓ હાલ મોકૂફ રાખવાની માંગ સાથે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ છે. અરજદારે રાજ્યના શિક્ષણ વિભાગના ૨૪ મેના રોજ ઠરાવને પડકાર્યો છે અને તેને રદ કરવાની માગ કરી છે. હાઈકોર્ટ સરકારી વકીલને સૂચના આપી છે કે, આ અંગે માહિતી મેળવીને રજૂ કરો.હાઈકોર્ટમાં અરજદાર ની રજૂઆત હતી કે, ૨૯ એપ્રિલે યુજીસીએ જે નિર્દેશો આપ્યા છે, તે મુજબ કોરોના અંગે સાવચેતીના તમામ પગલાં લીધા બાદ યુનિવર્સિટી ફિઝિકલ પરીક્ષા લે. યુનિવર્સિટીઓ દ્વારા આ પ્રકારની સાવચેતીના કોઈ પગલા લેવામાં આવ્યા નથી. કોરોનાનાની મહામારીમાં જો ફિઝિકલ પરીક્ષા લેવાશે, તો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય સ્ટાફને ચેપ લાગવાનો ભય રહેશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ નિર્દેશો આપેલા છે કે, કોરોનાની મહામારીના સમયમાં શૈક્ષણિક સંસ્થાઓની વહીવટી કામગીરી ચાલશે, પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરી શકાશે નહીં. આ નિર્દેશ રાજ્ય સરકારને પણ લાગુ પડે છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓની ફિઝિકલ પરીક્ષાનું આયોજન હાલ કરી શકાય નહીં.

તેવી દાદ હાઈકોર્ટ સમક્ષ માંગવામાં આવી છે. આ ઉપરાંત કોરોનાના લીધે મોટા શહેરોમાં રહેતા વિદ્યાર્થીઓને હોસ્ટેલ સહિતની જગ્યાઓ ખાલી કરાવી છે.

હવે જો પરીક્ષા શરૂ થશે તો આ સંજોગોમાં તેમને રહેવાની તકલીફ સર્જાશે.

તેથી રાજ્ય સરકારના ઠરાવને રદ કરો અને પરીક્ષા એક માસ બાદ અથવા તો થોડા સમય પછી લેવાશે તો સરકારને કોઈ નુકસાન થશે નહિ. વધુ સુનાવણી ૨૨મી જૂન પર નિયત કરવામાં આવી છે.

## પાવી જેતપુરમાં દીપડો મૃત હાલતમાં મળી આવતા ચકચાર


પાવી જેતપુર,તા.૨૦

છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના ઘુટણવડ ગામમાં એક વ્યક્તિ પર હુમલો કરનાર દીપજો મૃત હાલતમાં ગીચ ઝાડીમાંથી મળી આવ્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ ઈનફાઈટમાં મોત થયું હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. દીપડાના હુમલામાં ઈજાગ્રસ્ત કનુભાઈ સજ્જનસિંહ સોલંકી ખેતરમાં બકરા ચરાવતા હતા, ત્યારે અચાનક જ દીપડાએ તેમના પર હુમલો કરતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પાવી જેતપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે અને ગ્રામજનોએ જાણ કરતા વન વિભાગની ટીમે સ્થળ ઉપર દોડી ગઈ હતી.

# વડોદરાના ચાર ગામે કોર્પોરેશનમાં સામેલ ન થવા હાઈકોર્ટમાં કરી અરજી

વડોદરા,તા.૨૦

વડોદરા શહેર આસપાસના સાત ગામોને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવવાનો નિર્ણય રાજ્ય સરકારે ૧૭મી જૂનના રોજ કર્યો છે. આ નિર્ણય સામે સાત પૈકીના ચાર ગામોએ હાઈકોર્ટમાં અરજી કરી છે. કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરાયેલા ગામો ભાયલી, બિલ, સેવાસી અને કરોડિયાની ગ્રામ પંચાયતોની હાઈકોર્ટમાં પિટિશન કરી છે. આ કેસમાં હવે સુનાવણી ૨૬મી જૂનના રોજ હાથ ધરાશે. નોંધનીય છે કે, સરકારના અર્બન હાઉસિંગ એન્ડ અર્બલ ડેવલપમેન્ટ વિભાગે વડોદરા આસપાસના સાત ગામોને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ કરવાનો પરિપત્ર જારી કર્યો છે.




અત્યંત શોકની લાગણી સાથે જણાવવાનું કે આદરણીય શ્રી પુરષોત્તમભાઈ દાવડા સાહેબ હવે આપણી વચ્ચે નથી.ગઈકાલની રાતે પ્રભુ શરણ પામ્યા છે.એમની ખોટ સમગ્ર સમાજને વર્તાશે. પરમાત્મા તેમના પૂણ્ય આત્માને પરમ શાંતિ અર્પે.બેઠકના દરેક સર્જકો વાંચકો તરફથી તેમના માટે હ્રદયથી પ્રાર્થના.તેમના પરિવારને અમારી હુંફ.એમના આત્માની શાંતિ માટે તારીખ ૨૬મી ૨૦૨૦ ના ૮.૦૦ વાગે ઁદ્ઘ મીટીંગમાં મૌન રાખી પ્રાર્થના કરશું.

ૐ શાંતિ ૐ

## વંદે ભારત મિશન અંતર્ગત દુબઈમાં ફસાયેલા ૧૭૫ ગુજરાતીઓ વતન પરત ફર્યા

સુરત,તા.૨૦

કોરોનાને કારણે છેલ્લા ત્રણ મહિનાથી દુબઈમાં ફસાયેલા ગુજરાતીઓએ એક થઈને ગ્રુપ બનાવી ગુજરાત આવી પહોંચ્યા છે. વંદે ભારત મિશન અંતર્ગત ફ્લાઈટ ન મળતા પ્રાઈવેટ જેટ કરીને ગુજરાત આવેલા ૧૭૫ લોકો માંથી ૪૦ લોકો સુરતના છે. દુબઈમાં ફસાયેલા ૧૭૫ ગુજરાતીઓ વતન પરત ફર્યા જેમાં ૪૦ લોકો સુરતનાસરકાર દ્વારા વંદે ભારત મિશન અંતર્ગત દુબઈ અને અબુ ધાબીને એક-એક ફ્લાઈટ અપાઈ હતી અને ત્રીજા ફેઝમાં અબુ ધાબીને માત્ર એક ફ્લાઈટ અપાઈ. જેથી વધુ ફ્લાઈટ ન અપાતાં આખરે દુબઈ ગયેલા ગુજરાતીઓએ એકમેકનો સાથ સાધીને એક ગૃપ બનાવી એકમેકનો સહારો લેવો પડ્યો હતો.દુબઈમાં ફસાયેલા ૧૭૫ ગુજરાતીઓ વતન પરત ફર્યા જેમાં ૪૦ લોકો સુરતનાપ્રાઈવેટ ફ્લાઈટ માટે કોઈ જવાબદારી ઉઠાવે એના માટે કોઈ સંસ્થા અથવા કંપનીની મંજૂરી જરૂરી હતી.

# એટીએસના પાંચ જિલ્લામાં દરોડાઃ ૫૪ વિદેશી હથિયારો સાથે ૯ આરોપી ઝડપ્યા

અમદાવાદ,તા.૨૦

ગુજરાતના એન્ટી ટેરેરીસ્ટ સ્કોવર્ડ દ્વારા રાજયના અમદાવાદ સહિત,કચ્છ, મોરબી, અને ભાવનગર અને અમરેલી જિલ્લામાં દરોડા પાડી ૫૪ ગેરકાયદે ભારતીય અને વિદેશી બનાવટના હથિયારો ઝડપી પાડયા છે. આ મામલે હમણાં સુધી નવ આરોપીઓની ધરપકડ કરી છે. છેલ્લાં નવ દિવસથી એટીએસ દ્વારા શરૂ કરવામાં આવેલી ગુપ્ત ઓપરેશનને શુક્રવારની રાતે અંજામ આપવામાં આવ્યો હતો સમગ્ર ઓપરેશન સ્થાનિક પોલીસની જાણ બહાર થયુ હતુ. ગુજરાત એટીએસના ડીઆઈજી હિમાંશુ શુકલાને જાણકારી મળી હતી કે થોડા દિવસ પહેલા કચ્છ પોલીસે પકડેલી ગેંગને હથિયાર આપવાનું કામ અમદાવાદના એક નામાંકિત હથિયાર ડીલર ગુપ્તા ગન હાઉસમાંથી હથિયારો આપવામાં આવ્યા છે, આ માહિતીને આધારે તેમણે ડેપ્યુટી પોલીસ સુપ્રીટેન્ડન્ટ ભાવેશ રોજીયાને આ ટીપ ઉપર કામ કરવાની સુચના આપતા ડીવાયએપી રોજીયાએ અલગ અલગ ટીમ્સ તૈયાર કરી કોની પાસે કેટલા ગેરકાયદે હથિયારો છે અને કયાં છે તેની માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરી હતી,

શુક્રવારની સાંજે તમામ માહિતી આવી જતા એટીએસના ટીમોએ મોડી રાતે ઓપરેશન પાર પાડવાનું નક્કી કર્યુ હતું. આ ઘટના ક્રમ કચ્છના મોરના શિકાર માટે આવેલા લોકો આધુનિક હથિયાર સાથે પકડાયા હતા જેમાં કચ્છ ભુજ પોલીસે આરોપીઓ પાસેથી હથિયારો અને જીવતા કારટીસ જપ્ત કર્યા હતા જેમાં એટીએસ ના વડા હિમાંશુ શુકલા ને આ બાબતની માહિતી મળતા તેઓએ આ માં મોટા કૌભાંડની શંકા દર્શાવી હતી બાદમાં ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી. આ ઓપરેશનમાં એટીએસ ઉપર વળતો હુમલો થવાની પણ આશંકા હતી, કારણ કેટલાંક ગેંગસ્ટરો પાસે પણ આધુનિક હથિયારો હતા, જેના કારણ પુરતી તૈયારી સાથે ટીમો અલગ અલગ જિલ્લામાં રવાના થઈ હતી.

બાઈક સળગાવાનો પ્રયાસગુજરાત એટીએસની ટીમોએ અમદાવાદ, ભાવનગર, મોરબી જિલ્લાના વાંકાનેર, કચ્છ અને અમરેલીમાં દરોડા પાડી એક પછી એક હથિયારો અને આરોપી પકડવાની શરૂઆત કરી હતી, શનિવારની વહેલી સવાર સુધી ચાલેલા ઓપરેશનમાં ભારતીય અને વિદેશી બનાવટના ૫૪ હથિયારો મળી આવ્યા હતા.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK